# ઋગ્વેદ સાતમા મંડળના 'મૈત્રાવરુણાદિ સૂક્ત'માં કેટલાક રોગોપચાર

કરમાભાઈ લલ્લુભાઈ પરમાર

## ૧. પ્રસ્તાવના

સમસ્ત માનવજીવનમાં જન્મ અને મૃત્યુ તેમજ  સુખ અને દુઃખની ઘટમાળ એક સિક્કાની બંને બાજુ રહેલી છે તે સમયાંતરે માનવજીનમાં ચક્રા આરાઓની જેમ ફરતી રહે છે. ફરતા  આરાઓ રૂપી દુઃખના ચક્રનો પડઘો પાડતાં સાંખ્યદર્શનકાર 'दुखपत्र' કહે છે દુઃખના ત્રણ પ્રકાર છે. आध्यात्मिक, आधिभौतिक અને आधिदैविक આધ્યાત્મિક દુઃખ બે પ્રકારનું છે શારીરિક અને માનસિક વાત, પિત અને કફ નામના ત્રિદોષની વિષમતાથી જન્મતું તાવ વગેરે શારીરિક દુઃખ છે. જ્યારે કામ, ક્રોધ, મોહના સંયોગથી જન્મતું દુઃખ માનસિક છે. આ દુઃખો આંતરિક ઉપાયો દ્વારા સાધ્ય હોવાને લીધે આધ્યાત્મિક  કહેવાય છે. આધિભૌતિક દુઃખ 'चतुर्विधभूतग्राम निमितम्' જેમકે પ્રતિકૂળ મનુષ્ય, પશુ, પાણી અને સાપ વગેરેથી ઉત્પન્ન થતાં દુઃખને આધિભૌતિક  દુઃખ કહેવાય છે. આ દુઃખ બાહ્ય ઉપયોગ દ્વારા નિવારી શકાય તેવું છે. આધિદૈવિક દુઃખ પ્રતિકૂળ દેવ, અગ્નિ, વાયુ, ગ્રહ અને ભૂતાદિથી જન્મે છે. આમ માનવજીન અસંખ્ય દુઃખોના સાગરથી છલકાય છે તે દુઃખ રૂપી રોગોથી માણસ પીડાય છે. જેમ કે આધિભૌતિક એ સાપ વગેરેના ઝેરથી ઉત્પન્ન થતાં  દુઃખો છે. તેને શ્રુતિ 'અજકાવ' જેવા વિશિષ્ટ નામના રોગ તરીકે ઓળખાવે છે. તો તેનો શું ઉપાય ? તેને  દૂર કરવા માટે શું  કરવું જોઈએ ? એ પ્રશ્નનો જવાબ કદાચ એક જ હોઈ શકે કે માનવે કર્મનિષ્ઠ બની તર્ક કરવો જોઈએ કે કાર્ય અને કારણ એક બીજા સાથે સંકળાયેલ હોય છે. તો તે જાણવાનો આધાર શું ? તે સર્વ દુઃખો  કે રોગોના ઔષધિઓનું મૂળ શું ? એ પ્રશ્નાર્થ ઉપર દ્રષ્ટિ કરીએ તો.

एतत्पृथिव्याममृतमेतच्चक्षुरनुत्तमम् ।
यद ब्रह्माणोमुखाच्छाशत्रमिह  श्रुत्वा प्रवर्तते ।। (મહાભારત ૧૩/૩૬/૧૦)

આ જગતમાં બ્રાહ્મણા મૂખે શાસ્ત્ર સાંભળીને પ્રવૃત્તિ કરવામાં આવે છે. એ પૃથ્વી પર રહેલું અમૃત છે. એ શ્રેષ્ઠ દર્શન છે. પ્રસ્તુત સમર્થનમાં ટેકો પૂરો પાડતાં નીતિશતકકાર (નીતિશતક-૧૦) કહે છે કે -

शख्यो वारयितुं जलेन हुतभुक्छत्रे सूर्यातपो ।
नागेन्द्रो निशितांकुशेन समदो दण्डेन गोगर्दभौ ।।
व्याधिर्भेषजसंग्रहैश्च विविधैर्मन्त्र प्रयोगे विषं ।
सर्वस्यौषधमस्ति शास्त्र विहितं मुर्खस्य नास्तयौषधम् ।।

પ્રસ્તુત શ્લોકમાં અલ્પજ્ઞાનીઓનો કટાક્ષ કરતાં કવિ કહે છે કે સર્વ ઉપદ્રવોનો ઉપાય છે. પરંતુ મૂર્ખની કોઈ દવા નથી તો માનવજીનમાં આધિ, વ્યાધિ અને ઉપાધિ બધાનો શાસ્ત્રોક્ત ઉપચાર છે. કારણ કે રોગને દવાઓના યોગ્ય ઉપયોગથી અને  ઝેરને મંત્રપ્રયોગથી દૂર કરી શકાય છે. તો મૈત્રાવરુણાદિ સૂક્તમાં કેટલાક ઝેરી રોગોપચાર નીચે દર્શાવવામાં આવ્યા છે.

## ૨. 'મૈત્રાવરુણાદિ સૂક્ત'માં કેટલાક રોગોપચાર

ઋગ્વેદ ભારતીય સંસ્કૃતિનો સૌથી પ્રાચીન ગ્રંથ છે. 'વ્યાકરણ - મહાભાષ્ય'માં પતંજલિએ ઋગ્વેદની ૨૧ શાખાઓનો ઉલ્લેખ કર્યો છે તથા શૌનકના સમયમાં ઋગ્વેદ સંહિતા કુલ પાંચ શાખામાં સચવાઈ રહી હતી. પરંતુ વર્તમાન સમયમાં તો ઋગ્વેદની એક જ શાખા-શાકલ શાખા અસ્તિત્વ છે. આ શાકલ શાખામાં સચવાઈ રહેલી ઋગ્વેદ-સંહિતાનું સંગ્રથમ બે પ્રકારે કરવામાં આવ્યું છે. અષ્ટકક્રમ અને મંડલક્રમ. ઋગ્વેદ સંહિતા અષ્ટક્રમ અધ્યાયોમાં  વહેંચાયેલી છે અને તેના

દ્વારા ગુરુ શિષ્યોને નિશ્ચિત કરેલી ઋચાઓ ભણાવતાં, જ્યારે મંડલક્રમે વિભાજિત કરવામાં આવેલી વ્યવસ્થા પણ પ્રાચીન છતાંય મહત્વપૂર્ણ જણાય છે. આ વ્યવસ્થા અનુસાર ઋગ્વેદના લગભગ બધા મંત્રોને દશ મંડળોમાં વિભક્ત કરવામાં આવ્યા છે. આ દશ મંડળોમાં નાના નાના ૮૫ અનુવાકો આવેલા છે અને તે અનુવાકોમાં કુલ ૧૦૨૮ સૂક્તો આવેલાં છે. આ સૂક્તોમાં ૧૦૫૫૨ મંત્રો છે. તેમાં અનેક દેવોની ભિન્ન-ભિન્ન ઋષિઓ દ્વારા કરવામાં આવેલી ભાવવાહી સ્તુતિઓ છે. તે  પૈકી ઋગ્વેદ  સાતમા મંડળમાં ૧૦૪  સૂક્તો અને ૮૪૧ મંત્રો છે તો 'મૈત્રાવરુણાદિ સૂક્ત' એ ઋગ્વેદ સાતમાં મંડળનું પચાસમું સૂક્ત છે તેના ઋષિ વસિષ્ઠ છે. આ સૂક્તમાં ચાર ઋચાઓ છે. પ્રત્યેક મંત્રમાં જુદા જુદા દેવતાઓની  સ્તુતિ છે. પહેલામાં મૈત્રાવરુણ, બીજામાં અગ્નિ, ત્રીજામાં વિશ્વેદેવા અને ચોથામાં ગંગાદિ નદીઓની સ્તુતિ કરવામાં  આવી છે. પહેલા ત્રણ મંત્રોમાં જગતી છંદ ચોથા મંત્રમાં અતિજગતી અથવા શકવરી છંદનો પ્રયોગ છે. જેમાં જે પ્રાર્થના સૂર જોવા મળે છે તેને સાયણાચાર્ય કહે છે કે 'विषादिहरणेऽस्य विनियोगः' વિષ, રોગ વગેરેને દૂર કરવા માટે આ સૂક્તનો ઉપયોગ થાય છે. આ સૂક્તમાં ઋષિએ જુદા  જુદા નામના ઝેરના નિવારણાર્થે જુદા જુદા દેવતાઓની સ્તુતિ કરી માનવજીવનને અનુપમ પ્રેરણા પૂરી પાડી છે. જેમ કે કેવા ઝેરી રોગના નિવારણાર્થ 'कस्मै देवाय हविषा विधम्' (ઋ. ૧૦/૧૨૧/૧) નો પડઘધો છે. કારણ કે માનવજીનમાં અસંખ્ય ઝેરી રોગો હોય છે અને વળી દેવતાઓ પણ બહુધા છે. તો તેને ધ્યાનમાં લઇ ઋષિ કેટલાક ઝેરી રોગોને દૂર કરવા માટે કેવા રોગને માટે ક્યા દેવનું આહ્વાહન કરવું એ મંત્રરૂપ માનવજીવનને અનુપમ જે ભેટ ધરી છે. તે ઝેરી રોગો અને તે દૂર કરવાના આરાધ્ય દેવતાઓ નીચે પ્રમાણે છે.

'अजकाव' એ એક પ્રકારનો રોગ અથવા વીંછીનું ઝેર, ઝેરમાંથી જન્મતો રોગ એટલે અજકાવ, આ રોગના નિવારણાર્થ ઋષિ વસિષ્ઠ (ઋ. ૭/૫૦/૧) કહે છે કે 'હે મિત્રાવરુણ ! મારું અહીં ચારે તરફથી રક્ષણ કરો. અડ્ડો જમાવાર અને ચારે તરફ ફેલાઇ જનારું આ (વિષ) અમારી તરફ ના આવે. ખરાબ દર્શનવાળા 'આજકાવ' (એક પ્રકારનો રોગ) ને (હું) દૂર હડસેલી દઉં છઉં. ત્સરુ (છાનોમાનો ફરનારો સર્પ) પગના અવાજથી મને જાણે નહીં. વિશેષ નોંધ સાયણે પ્રારંભે જ કહ્યું છે કે સર્પ વગેરેના ઝેરને દૂર કરવા માટે આ સૂક્તની ઋચાઓનો પાઠ કરવામાં આવે છે. (ક) વસિષ્ઠ કેવળ અગ્નિ, ઈન્દ્ર વગેરેની સ્તુતિ-પ્રાર્થનાઓ જ કરે છે એવું નથી. (ખ) તેમને સ્તુતિઓમાં એ વૈશિષ્ટ્ય છે કે જેથી દાશરાશ – યુદ્ધમાં સુદાસને વિજય અપાવવા માટે તેમણે ઈન્દ્રની વિશેષ કૃપા મેળવી હતી. એ જ પ્રમાણે (ગ) ૭૪૧ સૂક્ત રોગાર્ત વ્યક્તિના રોગને દૂર કરવાની ક્ષમતા ધરાવે છે. પ્રસ્તુત ૭-૫૦ ઝેર નિવૃત્તિ માટે રચાયું છે. વસિષ્ઠમાં આવી કેટલીક આથર્વણિક શક્તિઓ રહેલી હતી. એ એક વૈદિક ઋષિ તરીકે વસિષ્ઠમાં ઉપર ક, ખ, ગ, માં બતાવ્યા મુજબની, વશેષતાઓ જેના મંત્રોમાં પણ રહેલી છે તો પસ્તુત મંત્રમાં  ઋષિ વસિષ્ઠ અજકાવ ગોરને દૂર કરવા માટે મૈત્રાવરુણ દેવનું આહ્વાહન કરે છે.'

'वन्दन' આ એક વ્યાધિનું નામ છે. એક વિષ છે તો 'વન્દન' વિષને દૂર કરવા માટે ઋષિ વસિષ્ઠ (ઋ. ૭/૫૦/૨) કહે છે કે 'જે વન્દન' (નામનું વિષ) વિવિધ જન્મમાં (શરીરના) સાંધાઓમાં ઉદભવે છે અને (પગના) બે ઘુંટણો અને ઘૂંટીઓમાં ફેલાતો જાય છે, તે (વન્દન) ને પ્રજવલિત થયેલો અગ્નિ આ (શરીર) માંથી દૂર કરે. ત્સરુ (છાનોમાનો ફરનારો  સર્પ) પગના અવાજથી મને જાણે નહીં.  વિશેષ નોંધ (૧) આ મંત્રના પૂર્વાધનો અન્વય આમ છે. यद वन्दनं विजामन परुषि भुत, अष्ठिवन्तौ कुल्फौ च  प रि देहत् ।। (दिह् ધાતુ 'વધવું, ફેલાવું' અર્થવાળો છે.) અહીં સાયણે અને વેંકટમાધવે विजामन નો અર્થ વિવિધ જન્મની કર્યો છે. કેમ કે અન્યત્ર  परमे व्योमन જેવાં દો હોય ત્યારે  परमे व्योम्नि એવો સપ્તમીપરક જ અર્થ તેમણે લીધો હોય છે. તેથી અહીં પુરુષમાં સપ્તમી જોઇને, તેઓ આવો विविधजन्मनि અર્થ લેવા પ્રેરાયા છે. આપણે તેનો અર્થ 'વિવિધ ઉંમરમાં' કરી શકીએ (?) पुरुषि-पर्वणि – સાંધામાં (૨) यद થી શરૂ કરેલું વાક્ય, ત્રીજા પાદમાં तत् થી પૂર્ણ કરે છે. तत् शोचन् अग्निः इतः अप बाधताम् ।  ચોથો પાદ ૭-૫૦-૧ માંથી  અહીં

પુનરાવૃત થયો છે. ત્સરુ અહીં સરકનારો કીડો કે સર્પ અર્થમાં વપરાયો છે. પણ પાછળથી તે 'ચમસ પકડવાનો હાથો' અર્થમાં વપરાવા લાગ્યો છે. (૩) આ મંત્રની દેવતા અગ્નિ છે. અગ્નિને પ્રાર્થના કરી છે કે સાંધામાં ફેલાતા વન્દન ઝેરને તમે દૂર કરો . (૪) આ મંત્ર વિશે પ્રા. વેલણકરે લખ્યું છે કે - 'વન્દન' એ કોઈ વિષ હોય એમ જણાતું નથી. વાસ્તવમાં કતે કોઈ સન્ધિ-વા (સન્ધિવાતીય) વેદના હોય એમ લાગે છે કે જે માણસને વાંકો વાળી દે છે અને તેને સીધો ટટ્ટાર ચાલવા દેતી નથી. તેના ઈલાજ રૂપે અગ્નિનો ઉલ્લેખ દવાનો શેક કરવા તરફ સંકેત કરે છે. મેકડોનલ કહે છે કે આ એક વ્યાધિનું નામ છે, કે જેમાં આખા શરીર ઉપર રીતશરના ફોલ્લા પડી જાય છે. અર્થાત્ મહાભૂત શરીર રચા તરફ પણ આ મંત્ર ધ્યાન દોરે છે જેમ કે આકાશ, વાયુ, જળ, અગ્નિ અને પૃથ્વિરૂપી પાંચ મહાભૂતોનો એક એક અંશ શરીરમાં સમાહિત થયેલ છે તો શરીરરૂપી અંગોમાં ફેલાતા આ વિષને દૂર કરવા માટે ઋષિ શરીરરુપી મહાભૂત અગ્નિને પણ પ્રજવલિત કરીને આ રોગને દૂર કરવાની સ્તુતિ કરવામાં આવી હોય એમ પણ અનુભવી શકાય છે.

'શલ્મલૌ' નામનું એક ઝેર છે. તેને 'શલ્મલિ' કહ્યું છે. કારણ કે તે શીમળાના વૃક્ષ ઉપર થાય છે. તેને દૂર કરવા માટે ઋષિ વસિષ્ઠ (ઋ. ૭-૫૦-૩) કહે છે કે 'જે (વિષ) શલ્મલિ (વૃક્ષ) ઉપર થાય છે, જે નદીઓમાં થાય છે અને જે વિષ વનસ્પતિઓમાંથી ઉદભવે છે તે (વિષ)ને, વિશ્વેદેવો અહીંથી દૂર કરી દે, ત્સરુ (છાનોમાનો ફરનારો સર્પ) પગના અવાજથી મને જાણે નહીં. વિશેષ નોંધ આ મન્ત્રની દેવતા વિશ્વેદેવા છે. તેમને પ્રાર્થના કરવામાં આવી છે કે જે વિષ શલ્મલિ (-શીમળા) વૃક્ષ ઉપર થાય છે, જે વિષ નદીઓમાં જન્મે છે, જે વિવિધ વનસ્પતિઓમાંથી ઉદ્ભવે છે. તે બધાને તમે અમારા શરીરમાંથી દૂર કરી દો, પ્રસ્તુત મંત્રમાં ઋષિ ઔષધિરૂપી વનસ્પતિઓમાંથી ઉદભવે છે તે બધાને તમે અમારા શરીરમાંથી દૂ કરી દો. પ્રસ્તુત મંત્રમાં ઋષિઔષધિરુપી વનસ્પતિ નહીં પરંતુ ઝેર ફેલાવતી વનસ્પતિ તરફ પણ સામાન્ય જનસૃષ્ટિની સમક્ષ અજવાળે છે અને તેનું ઝેર દૂર કરવાના ઉપાયરૂપે વિશ્વદેવતા દેવતા ના સ્મરણાર્થ વિનવે છે.'

'શિપદા' નામનો એક રોગ છે. તો નિવરણાર્થ ઋષિ વસિષ્ઠ (ઋ. ૭-૫૦-૪) કહે છે કે 'જે નદીઓ પ્રવણ – ઢાળવાળા) પ્રદેશ ઉપર, નીચાણમાં કે ચઢાણવાળા પ્રદેશ ઉપર (વહે છે.) તથા જે (નદીઓ) જળવાળી કે જળ વગરની છે, તે કલ્યાણકારિણી દેવી (સ્વરૂપ)) જળથી ઉભરાતી (નદીઓ) અમારે માટે અશિપદા (-અહિંસક) બનો. 'પ્રસ્તુત મંત્રી વિશેષ નોંધમાં (૧) याः प्रवतः निवतः उद्रतः (वहन्ति), याः च उदन्वतिः अनुदकाः च सन्ति, ताः शिवाः दवीः पयसा पिन्वमानाऋ असमभ्यम अशिपदा भवन्तु । ભૂમિ ઉપર વિવિધ પ્રકારની નદીઓ વહી રહી છે તે બધાનો અહીં નિર્દેશ છે. प्रयसा જળથી, पिन्वमानाः – પુષ્ટ થતી, ઉભરાતી. (૨) છેલ્લા પાદમાં એવી પ્રાર્થના કરી છે કેબધી નદીઓ 'અ-શિમદા' થાવ. (૩) સાયણે अशिपदाः એટલે 'શિપદા' નામના રોગને મટાડનારી, અને અશિમદાનો અર્થ 'અહિંસક' એવો કર્યો છે. પ્રા. મેકડોનલ વૈદિક ઈન્ડેક્સ (ભાગ-૨) માં લખે છે કે શિપદ અને શબ્દ ઋગ્વેદ (૭-૫૦-૪) માં કેવળ એક જ વાર, અ-શિમિદની સાથે નકારાત્મક અ-શિપદ રૂપે આવ્યો છે. શિપદ અને શિમિદ એ બન્ને, સંભવતઃ અજ્ઞાત વ્યાધિઓનાં નામ છે. જેના નિવારણાર્થ જન સૃષ્ટિએ વિદિત કરતાં ઋષિ નદીઓ રૂપી દેવતાઓને સ્મરણાર્થ વિનવે છે. માટે કહે છે કે ऋषयो मन्त्रद्रष्टारः ઋષિઓ તો મંત્રોના દર્શન કરનાર છે.

ઋગ્વેદ સાતમા મંડળના 'મૈત્રાવરુણાદિ સૂક્ત' માં જ નહિ પરંતુ વેદોના એક એક મંડળ, એક એક સૂક્ત કે એક એક અધ્યાયના એક એક મંત્રના એક એક વર્ણ કે અક્ષર માં અમોઘ શક્તિ રહેલી છે. કારણ કે વેદો અપૌરુષેય છે. ઋગ્વેદ એ ભારતીય સંસ્કૃતિનો પ્રાચીન ગ્રંથ છે. તે સર્વ વિદ્યાઓનું ઊંડું મૂળ છે. જેનાથી સૌ મનુષ્યો સત્યવિદ્યાઓને સઘળી જાણે છે અથવા જેમાં સઘળી સત્યવિદ્યાઓ રહેલી, અથવા જેનાથી સઘળી સત્યવિદ્યાઓ મેળવી શકાય છે. અથવા જેથી સઘળી

સત્યવિધાઓ વિચાચરીને બધા-માણસો વિદ્વાનો થાય છે. તેને 'વેદ' કહેવાય છે. મૂળ વેદકાળમાંથી જ ઋગ્વેદ તથા યજુર્વેદમાં રોગો તથા ઔષધિઓના સંકેત જોવા મળે છે. જેમ કે –

या ओषधीः पूर्वा जाता देवेभ्यस्त्रियुगं पुरा ।
मनै नुं बभ्रुणामहं शतं धामानी सप्त च ॥

પ્રસ્તુત વેદ મંત્રમાં ઋષિ ભિષગાથર્વણ (ઋ. ૧૦-૯૭-૦૧) કહે છે કે સૃષ્ટિના પ્રારંભે જ ઔષધિઓ અને રોગોના નિવારણનું જ્ઞાન દેવાતાઓના માધ્યમથી આપણે પ્રાપ્ય છે. તે જ ગુણકારી ઔષધિઓનું અને રોગોનું જ્ઞાન આપણને થયું છે. ઋઙ્વેદમાં જ અશ્વિનીકુમારો નામના દેવવૈદ્યો અને તેમની ચિકિત્સા પદ્ધતિ વગેરેના અત્રતત્ર ઉલ્લેખ જોવા મળે છે. તેમણે કરેલ શસ્ત્રક્રિયાઓનું વર્ણન પણ ધ્યાન ખેંચે તેવું છે. અશ્વિનોએ વૃદ્ધ, ચ્યવન ઋષિને પુનઃનવયૌવન પ્રાપ્ત કરાવ્યું. રાજા ખેલની પત્નીના પગ યુદ્ધમાં કપાઇ ગયા તેને લોખંડની જાંઘથી જોડી આપ્યા. આમ ઋગ્વેદનાં સૂક્તોમાં પ્રાચીન કવિતાના પ્રાણવાન ધબકારા સંભળાય છે. આ વેદનાં કેટલાંક સૂક્તો યજ્ઞયાગાધિ ક્રિયાકાંડોથી, અતિરિક્ત પણ સ્વતંત્ર રીતેજ રચ્યાં છે. અને તેમાં પ્રાચીન, ધાર્મિક કવ્યોનો પ્રાણ ધબકે છે. જ્યારે બીજા પણ કેટલાંક સૂક્તો છે કે જેની રચના માત્ર યજ્ઞક્રિયા માટે જ કરવામાં આવી છે અને તેવાં સૂક્તોને પૂરોહિત કવિઓએ કારીગરીપૂર્વક રચ્યાં છે. તદુપરાંત ઔષધિઓ, વિવિધ રોગો અને રોગ નિવારણના ઉપાયો પ્રસ્તુત જેવાં સૂક્તોમાં વિસ્તારથી વર્ણવી, સમજાવી ઋષિમુનિઓએ સમસ્ત માનવજીનમાં વિદિત થાય એની ધન્યતા અનુભવી માનવજીનને સરળ શાસ્ત્રોરૂપી અતુટ અને ભવ્ય કહી શકાય એવી ભેટ ધરી છે. મહાભારતમાં (૧.૧-૯૪ મહાભારતકાર કહે છે કે -

अज्ञानतिमिरान्धस्य लोकस्य तुं विचेष्टतः ।
ज्ञानाञ्जनशलाकाभिनेत्रोन्मीलनकारकम् ॥

અજ્ઞાનરૂપી અંધકારથી નહીં દેખતા અને તરફડતા આ જગતને જ્ઞાનરૂપી આંજવાની સળી વડે આંખને તેજ આપનારા શાસ્ત્રો છે. આમ પ્રસ્તુત સૂક્તમાં અજકાવ, વન્દન, શલ્મલો અને શિપદા જેવા રોગો અને તેના નિવારણાર્થ ઉપાય વિદિત કરનાર વેદઋષિ અને તના આરાધ્ય દેવોને नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥

## સંદર્ભ સૂચિ


૧. મંડળ 7 અને સૂક્ત 59 (7.59)

૨. अग्निहोत्री, डॉ. वी.के. (2009). भारतीय ईतिहास (14th આવૃત્તિ). नई दिल्ही: एलाईड पब्लिशर्स प्राईवेट लिमिटेड. પૃષ્ઠ 108-109. ISBN 978-81-8424-413-7.